॥ सुयं मे आउसं ॥

શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનનો સંવાદ-સેતુ

# શ્રુતદીપ

વિક્રમ સંવત ૨૦૭૮ • વર્ષ-૫ • અંક-૩ • ફેબ્રુઆરી ૨૦૨૨

## ભારતના પ્રાચીન હસ્તપ્રત ભંડારો

- વૈરાગ્યરતિવિજય

આજે આપણે સહુ ભારતનું જે સ્વરૂપ જોઈએ છીએ તે ઉપરથી તેની ભૂતકાળની ભવ્યતા કેવી હતી તેનું અનુમાન કરવું અઘરું છે. આજથી એક હજાર વરસ પહેલા વિદેશી મુસલમાન આક્રમણકારોએ ભારતની ભવ્ય પ્રતિમાને બહુ ક્રૂરતાથી ખંડિત કરી નાંખી હતી. મુસ્લિમ આક્રમણ પહેલાના કાળનું ભારતનું ચિત્ર સાવ અલગ હતું. મુસ્લિમ આક્રાંતાઓએ ભારતની સંપત્તિ, સમૃદ્ધિ અને જ્ઞાન સંપદાને બાળીને રાખ કરી નાંખી. તેમની મતાંધતાએ ભારતના ચહેરાને એ હદે બદલી નાંખ્યો કે ભારતનો મૂળ ચહેરો કેવો હતો તેની કલ્પના કરવી પણ મુશ્કેલ બની ગઈ. જે થોડા ઘણા અવશેષો બચ્યા છે તેના આધારે ભારતની ભવ્યતાનું આછું-પાતળું અનુમાન થઈ શકે છે.

મુસલમાનોના આક્રમણ પહેલા ભારત આર્થિક રીતે તો સમૃદ્ધ હતું જ સાથે સાથે આધ્યાત્મિક, દાર્શનિક, વૈચારિક અને નૈતિક રીતે પણ સમૃદ્ધ હતું. ભારતના અધ્યાત્મ, દર્શન, વિચાર અને વિજ્ઞાનનો વારસો હાથેથી લખેલી પોથીઓમાં સચવાયેલો હતો. મંદિરોની જેમ ભારતમાં હજારોની સંખ્યામાં સરસ્વતી પુસ્તક ભંડારો હતા. ગામડે ગામડે પાઠશાળાઓ હતી. તેમાં શિક્ષણ મોટા ભાગે મુખપાઠ પરંપરાથી શીખવાતું. ભાષા અને ગણિતનું પ્રાથમિક જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પુસ્તકની કે બ્લેક બોર્ડની જરુરત ન હતી. લખતા શીખવું હોય તો ચોક-પથ્થર કે કાગળ, કલમ, સ્યાહીની જરુર પડતી. ઉચ્ચતર વિદ્યાભ્યાસ (Post-Graduation) માટે પુસ્તકોની જરુર પડતી. ચિકિત્સા, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, આભિયાંત્રિકી (Engineering), વિજ્ઞાન (Science), કલા (Arts), વ્યવહાર કળા (સ્ત્રીની ૬૪ કળાઓ, પુરુષની ૭૨ કળાઓ), ગણિત, ભૂગોળ, જ્યોગ્રોફી, ખગોળ (Astronomy) જ્યોતિષ (Astrology), સામુદ્રિક, પશુશાસ્ત્ર, યુદ્ધશાસ્ત્ર, શસ્ત્રાસ્ત્ર વિદ્યા, દર્શન (Philosophy) અધ્યાત્મ (Spirituality) જેવી વિદ્યાઓનું અધ્યયન કરવા માટે દરેક નગરમાં વિદ્યાપીઠો રહેતી. આ દરેક વિષયને લગતા અનેક શાસ્ત્રો બનતા (Syllabus). તેને લખાવવાની પદ્ધતિ હતી. મોટે ભાગે અધ્યયન, ચર્ચા, નિષ્કર્ષ અને પરિષ્કાર (Study, Debate, Conclusion, Evaluation) આ ચાર સ્તરે અભ્યાસ થતો. વિદ્યાર્થી શિક્ષક પાસે એક વિષયનો અભ્યાસ કરે. અભ્યાસ મોટે ભાગે મોંઢે થાય. દરેક વિષયના શાસ્ત્રો હોય, આ શાસ્ત્રો શ્લોકમાં લખાયેલા હોય જેથી યાદ રાખવા સરળ રહે. તેની પોતાના વર્ગના વિદ્યાર્થી સાથે ચર્ચા કરે, તેને વાદ કહેવાય. વાદ એક રીતે પરીક્ષા રહેતી. તેમાં વિદ્યાર્થીઓની બુદ્ધિ કસાતી. તેથી તે વિષયનું તાત્પર્ય બરાબર સમજી શકતો. પોતાની પ્રતિભાના આધારે નવો વિચાર આપતો. તે વિચાર એ જ નિષ્કર્ષ. નિષ્કર્ષ પછી તેની પરીક્ષા થતી જેના આધારે વિદ્યાર્થી પોતાના જ્ઞાનને સ્પષ્ટ કરતો. તૈયાર થયેલો વિદ્યાર્થી વિદ્યાઓને આચરણમાં મૂકતો અને બીજાને ભણાવતો. અગિયારમી સદીમાં શ્રીહર્ષે નૈષધીય ચરિતમાં નલરાજાનું વર્ણન કરતા લખ્યું છે કે- નલ રાજાએ ચૌદ વિદ્યાઓનો અભ્યાસ ચાર તબક્કામાં કર્યો હતો. ૧) અધ્યયન જેમાં અભ્યાસ અને ચર્ચા આવે. ૨) બોધ જેમાં નિષ્કર્ષ (Conclusion) આવે ૩) આચરણ અને ૪) પ્રચાર. (अधीतिबोधाचरणप्रचारणैः १-४)

ઉચ્ચતમ કક્ષાના અભ્યાસ માટે શાસ્ત્રો વંચાતા અને લખાતા. વિદ્યાર્થીઓને લેખન કળા શીખવાતી. વિદ્યાપીઠોમાં એક વિભાગ રહેતો, જેમાં નિરંતર લહિયાઓ હસ્તપ્રતો લખતા રહેતા અને આ હસ્તપ્રતો સરસ્વતી ભંડારોમાં સચવાતી. આજે ભારતની તમામ પ્રાચીન વિદ્યાપીઠો અને તેમાં રહેલ જ્ઞાનભંડાર મોટે ભાગે નાશ પામી ગયા છે. થોડા ઘણા ભંડારોની વિગત ઐતિહાસિક સંસાધનોથી પ્રાપ્ત થાય છે. તેના આધારે ભારતના પ્રાચીન હસ્તપ્રત ભંડારોની માહિતી પ્રસ્તુત કરવાનો આ લેખનો ઉપક્રમ છે.

લગભગ બે વરસ પહેલા અમદાવાદના **હિરેનભાઈ દોશી**એ કોઈ પુસ્તકના પરિશિષ્ટમાં આ વિષયની સૂચિ જોઈને મને પાઠવી. આ સૂચીમાં ઈ.સ. પૂ. ૩૦૦થી ઈ.સ. ૧૯૪૭ સુધીના પ્રસિદ્ધ પુસ્તકાલયોની સંક્ષિપ્ત વિગત છે. તેના આધારે આ લેખ તૈયાર થઈ રહ્યો છે. આ લેખમાં વિશ્વના તમામ પુસ્તક ભંડારોનો ઉલ્લેખ છે. અજ્ઞાત લેખકના ઋણ સ્મરણ સાથે અહિં તેમાંના ભારતના હસ્તપ્રત ભંડારો વિષે વાત કરવી છે.



**૧) તક્ષશિલા-** ઈ.સ.પૂર્વ ૩૨૪ (વિક્રમ પૂર્વ ૩૮૦)માં એટલે આજથી લગભગ ૨૩૦૦ વર્ષ પહેલા તક્ષશિલામાં સમૃદ્ધ ભંડાર હતો. જૈન ઈતિહાસ પ્રમાણે તક્ષશિલા પહેલા તીર્થંકર શ્રી **ઋષભદેવ**ના પુત્ર **બાહુબલિજી**ની રાજધાની હતી. **સિકંદરે** અહિં વિશાલ અને સમૃદ્ધ નગર જોયું હતું. વિશ્વની ઉપલબ્ધ સહુથી પ્રાચીન વિદ્યાપીઠ હોવાનું ગૌરવ તક્ષશિલાનું છે. **પાણિની** જેવા વૈયાકરણ, જીવક જેવા વૈદ્ય, **ચાણક્ય** જેવા અર્થશાસ્ત્રીએ અહિં શિક્ષા મેળવી હતી. આજે આ વિદ્યાપીઠ તદ્દન ઉધ્વસ્ત અવસ્થામાં છે. તેનું ખોદકામ કરતા તેમાં મળતા ક્રીડાંગણ, તેનો છાત્રાવાસ (Hostel), નહાવાનું તળાવ અને બીજી વ્યવસ્થાઓ દંગ કરી દે તેવી છે. અહિં ગંગૂ નામનો એક સ્તૂપ છે. તેમાંથી જનરલ કનીંઘમને સોનાનાં પત્ર પર ખરોષ્ટી લિપિમાં લખેલો એક લેખ મળ્યો. તક્ષશિલામાં એક આચાર્યના હાથ નીચે પાંચસો વિદ્યાર્થીઓ ભણતા હતા. તક્ષશિલામાં વિશ્વના વિશ્વસ્ત આચાર્યો અધ્યાપક હતા. ઈ.સ. ની પહેલી (વિક્રમની પહેલી-બીજી) સદી સુધી ભારતમાં ચાર દિશામાં ચાર અને મધ્યભારતમાં એક એમ કુલ પાંચ વિશ્વવિખ્યાત વિદ્યાપીઠો (Universities) હતી. ઉત્તર ભારતમાં તક્ષશિલા, પશ્ચિમ ભારતમાં વલભી, પૂર્વ ભારતમાં નાલંદા, દક્ષિણ ભારતમાં કાંચીપુર અને મધ્યભારતમાં ધાન્યકૂટ. આ વિદ્યાપીઠનો વ્યાપ અને વિખ્યાતિ જોતાં અહિં બહુ મોટો હસ્તપ્રત ભંડાર હશે એમાં શંકાને સ્થાન નથી.

**૨) પાટલિપુત્ર (પટના)-** પાટલિપુત્ર **શ્રેણિક** રાજાના પુત્ર **કૂણિકે** (અજાતશત્રુ) વસાવ્યું હતું. પોતાના સમયમાં તે ભારતની સહુથી સમર્થ અને સક્ષમ રાજ્યસત્તાનું કેંદ્રસ્થાન હતું. ઉપરાંત ધાર્મિક ગતિવિધિઓનું પણ પ્રધાન કેંદ્ર હતું. અહિં ઈ.સ. પૂર્વ ૨૪૬ (વિ.પૂ. ૩૦૨)માં બૌદ્ધ ધર્મની પહેલી સંગતિ ભરાઈ હતી. તેમાં બુદ્ધના ઉપદેશોને વ્યવસ્થિત કરવામાં આવ્યા હતા. આર્ય શ્રી **સ્થૂલભદ્રસૂરિજી**ની અધ્યક્ષતામાં આ જ સમયની આસપાસ અહીં પહેલી આગમ

વાચના થઈ હતી. આ સમયે શ્રમણ પરંપરા મુખ્યત્વે મુખપાઠ કરીને આગમો યાદ રાખતી હતી. બાર વર્ષના દુષ્કાળને કારણે આગમો ભૂલાઈ ગયા હતા. તેને અહિં વ્યવસ્થિત કરવામાં આવ્યા હતા. ઉદાયી રાજા પછી નવનંદોના સમયમાં અને મૌર્યકાળમાં પાટલિપુત્ર બ્રાહ્મણ અને શ્રમણ પરંપરાનું વિશિષ્ટ વિદ્યાનું કેંદ્ર હતું. તેથી અહીં પણ વિશાળ જ્ઞાનભંડાર હશે તેવું અનુમાન થઈ શકે.

**૩) કાશ્મીર-** ઇ.સ. પૂર્વ ૧૪૦ (વિ.પૂ. ૨૦૦)થી કાશ્મીર વિદ્યાવંતોનું વિશિષ્ટ સ્થાન તરીકે પ્રસિદ્ધ છે. વ્યાકરણના ભાષ્યકાર, યોગસૂત્રના રચયિતા, વૈદ્યક શાસ્ત્રના ઉદ્ધાતા **પતંજલિ** ઋષિ કાશ્મીરના હતા. વિક્રમની તેરમી સદીમાં આચાર્યશ્રી **હેમચંદ્રસૂરિજી**એ **સિદ્ધરાજ**ની વિનંતિથી નવું વ્યાકરણ બનાવવાનો પ્રારંભ કર્યો ત્યારે આઠ અલગ અલગ વ્યાકરણના ગ્રંથો કાશ્મીરથી મંગાવ્યા હતા.

**૪) ઉજ્જૈન-** ઉજ્જૈન બહુ પ્રાચીન નગરી છે. મહારાજા **સંપ્રતિ**એ તેને સત્તાનુ કેંદ્ર બનાવી ત્યાર બાદ ભારતીય સંસ્કૃતિના પ્રવાહનું તે કેંદ્ર બની. વિક્રમની પહેલી સદીમાં આચાર્યશ્રી **સિદ્ધસેનસૂરિજી**એ (દિવાકર) અહીં મહાકાલ પ્રાસાદ પ્રગટ કર્યો હતો. રાજા **વિક્રમાદિત્ય**નો પ્રતિબોધ કર્યો હતો. પુરાણ કથા અનુસાર **કૃષ્ણના** વિદ્યાગુરુ **સાંદીપનિ**નો એકપાદ આશ્રમ ઉજ્જૈનથી નજીક છે. અહિં ભર્તૃહરિની ગુફા પણ છે. મહાભારત યુગમાં અહીં વિશાળ જ્ઞાનભંડાર હતો. **વિક્રમ, સમ્રાટ સંપ્રતિ, ભર્તૃહરિ** જેવા વિદ્યાપ્રેમી રાજાઓ હતા તેથી તેમ જ અહિં શ્રમણ પરંપરાનું આવાગમન હતું, તેથી અહીં ઘણા જ્ઞાનભંડાર હશે.

**૫) ધાન્યકૂટ-** ઇ.સ. ૧૬૦ (વિ.સં. ૨૫૬માં) વિક્રમની ત્રીજી સદીમાં ઓરિસામાં બૌદ્ધ આચાર્ય **નાગાર્જુ**ને બૌદ્ધવિહાર બનાવ્યા હતા અને ધાન્યકૂટમાં વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી હતી. **નાગાર્જુ**ને સ્વયં અનેક શાસ્ત્રોની રચના કરી હતી. તેથી અહિં સારો જ્ઞાનભંડાર હશે. વિક્રમની ત્રીજી સદીમાં (ઇ.સ. ૨૨૨, વિ.સં. ૨૭૮) **ધર્મપાલ** નામના બૌદ્ધ ભિક્ષુ મધ્યભારતથી ચીન ગયા હતા અને તેમણે પાતિમોક્ખ નામના શાસ્ત્રનો ચીનમાં અનુવાદ કર્યો હતો. વિક્રમની બીજીથી ચોથી સદી સુધીમાં ચીનમાં ઘણા બૌદ્ધ શાસ્ત્રોનો અનુવાદ થયો.



**૬) થાનેશ્વર-** ઇ.સ. ૫૦૦ (વિ.સં.૫૫૬) થાનેશ્વર વિશ્વવિદ્યાલયની વિશેષ માહિતી મળતી નથી. પરંતુ ચીની યાત્રી હ્વેન-ત્સંગે તેનો ઉલ્લેખ કર્યો છે. **શ્રીહર્ષ**ના ગુરુ ગુણપ્રભ આ વિશ્વ વિદ્યાલયના હતા, એમ કહેવાય છે.

**૭) નાલંદા-** નાલંદા ભારતનું પ્રાચીન વિશ્વ વિદ્યાલય છે. તેનો સમય ઇ.સ. ૬૩૦ (વિ. સં. ૬૮૬) વર્ષ પહેલાનો આંકવામાં આવે છે. **હ્વેન-ત્સંગ** ભારતમાં આવ્યો ત્યારે નાલંદાની કીર્તિ ટોચ પર હતી અહીં દસ હજાર ભિક્ષુ રહેતા હતા. અહિં રત્નોદધિ, રત્નસાગર, રત્નરંજક નામના ત્રણ વિશાળ હસ્તપ્રત સંગ્રહ હતા. તે નવ માળના હતા તેમાં ત્રણ લાખ હસ્તપ્રતો હતી. **હ્વેન-ત્સંગ** રત્નોદધિ નામના ભંડારમાંથી હસ્તપ્રતો ચીન લઈ ગયો હતો. બારમી સદીમાં **બખ્તિયાર ખીલજી**એ જ્યારે તેને બાળ્યા ત્યારે તેની આગ સાત દિવસ સુધી બુઝાઈ ન હતી.





**૮) વલભી-** વિક્રમની સાતમી સદીમાં વલભી સૌરાષ્ટ્રની રાજધાની હતી. અહીં ૮૪ જિનમંદિર હતા. અહીં આ. શ્રી **દેવર્ધિગણિજી**એ આગમ વાચના (વિક્રમની પાંચમી સદીમાં) કરી હતી અને સમસ્ત જૈન સિદ્ધાંત પુસ્તાકારૂઢ કરાવ્યો હતો. સાતમી સદીમાં વલભી બૌદ્ધ શિક્ષાનું કેંદ્ર બની ગયું. ત્યાંના જ્ઞાનભંડાર માટે મૈત્રક વંશના રાજાઓ મોટું દાન આપતા હતા. અહીં જૈન ધર્મનો સંપૂર્ણ જ્ઞાનભંડાર નિર્માયો હશે. આજે તેના કોઈ અવશેષ મળતા નથી.



**૯) વિક્રમશિલા (બિહાર)-** વિક્રમની આઠમી સદીમાં બૌદ્ધ ભિક્ષુ **ધર્મપાલે આ** વિહારની સ્થાપના કરી હતી. અહિં છ દરવાજા હતા. દરેક દરવાજે એક એક પંડિત નિયુક્ત કરવામાં આવ્યા હતા. જેણે અહીં અભ્યાસ કરવા માટે પ્રવેશ મેળવવો હોય તેણે આ દ્વાર પંડિતોને ચર્ચામાં હરાવવા પડતા હતા. સ્વાભાવિક છે કે અહીં પણ વિશાળ જ્ઞાનભંડાર હશે. બારમી સદીમાં **બખ્તિયાર ખીલજી**એ તેનો નાશ કર્યો.

**૧૦) સરસ્વતી મહલ (તાંજોર)-** અહીં વિક્રમની દસમી શતાબ્દીમાં મોટો ભંડાર હતો. આ ભંડાર તાંજોરના મહારાજાએ સમૃદ્ધ કર્યો હતો. ૧૮મી સદીમાં મહારાજા **સરફોજી**એ તેને વિશેષ સમૃદ્ધ કર્યો.

**૧૧) ધાર (માલવા)-** જૂની ધારા નગરી તે આજનું ધાર, રાજા **ભોજ**ની રાજધાની હતી. **ભોજ** સ્વયં વિદ્વાન હતો. તેની સભામાં ઉત્તમોત્તમ પંડિતો હતા. તેનો જ્ઞાનભંડાર બહુ જ મહત્ત્વનો હતો. બારમી સદીમાં **સિદ્ધરાજ જયસિંહે** ધારા જિતી ત્યારે અહીંનો ભંડાર પાટણ લઈ આવ્યા.

**૧૨) જેસલમેર (રાજસ્થાન)-** અગિયારમી સદીમાં જેસલમેરમાં દસ ભંડારો હતા. ૧૫મી સદીમાં આચાર્યશ્રી **જિનભદ્રસૂરિજી**ના માર્ગદર્શનમાં જેસલમેર ભંડાર સ્થપાયો હતો.

**૧૩) આગરા-** વિક્રમની સોળમી સદીમાં **અકબર**નું શાહી પોથીખાનું (જ્ઞાનભંડાર) આગરામાં હતું. તેમાં ત્રીસ હજાર હસ્તપ્રતો હતી. અકબરે પં. **પદ્મસુંદરગણિજી**નો ભંડાર આચાર્યશ્રી **હીરવિજયસૂરિજી**ને ભેટ કર્યો હતો. તે ભટ્ટારકશ્રીએ આગરામાં થાનસિંહ દ્વારા અકબરના નામે જ મૂકાવ્યો હતો.

**૧૪) આમેર (જયપુર)-** આમેરના રાજા **ભારમલ્લે** ઇ.સ. ૧૫૯૨ (વિ. સં. ૧૬૫૬)માં રાજઘરાનાનો જ્ઞાનભંડાર સ્થાપ્યો હતો. આમેર રાજવંશના ચારસો વરસના રાજ્યકાળમાં આ ભંડાર સમૃદ્ધ થતો રહ્યો. તેમાં સાત હજાર દુર્લભ ગ્રંથો છે.

ભારતના પ્રાચીન ભંડારોમાંથી બહુ ઓછા ભંડારોની માહિતી બહાર આવી છે. અહીં પરિચય આપ્યા તે ભંડાર તરત જ નજરે ચઢી આવતા ભંડારો છે. આ સિવાય ઘણા ભંડારો છે જેની કોઈને ખબર જ નથી. તે જમાનામાં રાજાઓ પોતાના સંગ્રહમાં અનેક વિષયની હસ્તપ્રતો વસાવતા, નગરનું એક સાધારણ પુસ્તકાલય રહેતું. પાઠશાળાઓમાં હસ્તપ્રતોનો સંગ્રહ રહેતો. મંદિરોમાં, હિંદુ મઠોમાં, વિહારોમાં, જૈન ઉપાશ્રયમાં હસ્તપ્રત ભંડાર રહેતા. વૈદ્યો પોતાની પાસે અનેક સંગ્રહ રાખતા. મંત્રી પુરોહિત, વિદ્વાન બ્રાહ્મણો પાસે પોતાનો સંગ્રહ રહેતો. આ બધા સંગ્રહોની કોઈ નોંધ મળતી નથી. કોઈને એવી જરૂર પણ જણાતી નહીં.

અંગ્રેજોના કાળમાં યંત્રયુગનો પ્રભાવ વધ્યો. શિક્ષા વ્યવસ્થા બદલાઈ. ભારતની જીવન પદ્ધતિ જ બદલાઈ ગઈ. તેને કારણે પ્રાચીન જ્ઞાનનો આ અદ્ભુત વારસો અપ્રસ્તુત બનવા લાગ્યો. કેટલાક ભંડારો સંભાળના અભાવે નાશ પામ્યા. કેટલાક ભંડારોને અજ્ઞાન લોકોએ પાણીમાં પધરાવી દીધા. કેટલાક અંગ્રેજોને આ જ્ઞાનવારસાનું મહત્ત્વ સમજાયું. તેમણે પ્રયાસો આદર્યા ભારતની હસ્તપ્રતોની શોધ ચાલુ થઈ. અત્ર-તત્ર વિખરાયેલી પ્રતોને સરકાર હસ્તક સંગ્રહ કરવામાં આવી. આ માટે લાયબ્રેરી, સોસાયટી વગેરેની સ્થાપના થઈ. આઝાદી પછી પણ આ સિલસિલો ચાલુ રહ્યો અને વ્યક્તિગત સંગ્રહો સરકાર પાસે આવ્યા. આમ સરકાર હસ્તક નવા જ્ઞાનભંડારો અસ્તિત્વમાં આવ્યા. પ્રસંગ છે તો તેની પણ આછીપાતળી માહિતી મેળવી લઈએ.




**૧) રાષ્ટ્રિય અભિલેખાગાર (દિલ્લી)-** ૧૧ માર્ચ ૧૮૯૧માં અંગ્રેજોએ ઇંપિરિયલ રેકોર્ડ ડિપાર્ટમેંટની સ્થાપના કરી. **બુલ્હેર, પીટર્સન, મિત્રા, ભાંડારકર** જેવા

વિદ્વાનોએ ભારતભરમાં ફરીને હસ્તપ્રતોનું સર્વેક્ષણ કર્યુ હતું. ઘણી બધી હસ્તપ્રતો ખરીદી પણ હતી. તેને વિવિધ પ્રાંતમાં સાચવવા મૂકી. એક એવો મોટો સંગ્રહ દિલ્લીમાં કરવામાં આવ્યો. આઝાદી પછી આ સંસ્થાનું નામ **રાષ્ટ્રિય અભિલેખાગાર** રાખવામાં આવ્યું. અહિં મૂર્તિ, શિલાલેખ, તામ્રપત્રનો સંગ્રહ છે સાથે જ એક લાખ જેટલી હસ્તપ્રતો પણ છે. બદલતા સમય સાથે ભારતભરમાં ફેલાયેલી મહત્ત્વની હસ્તપ્રતોની માઈક્રોફિલ્મ (સૂક્ષ્મ છાયાચિત્રણ) કરીને અહિં સાચવવામાં આવી છે.

**૨) ખુદાબક્ષ લાયબ્રેરી (પટના)- મહમ્મદ બક્ષે** (૧૮૧૫-૧૮૭૬) પોતાના જીવનમાં હસ્તપ્રતોનો સંગ્રહ કર્યો અને પોતાના પુત્ર ખુદાબક્ષને વારસામાં આપ્યો. **ખુદાબક્ષે** તેમાં નવી પ્રતો ઉમેરી ઈ.સ. ૧૮૯૧માં પોતાના સંગ્રહને જાહેર પુસ્તકાલયમાં ફેરવી નાંખ્યો. તેમાં બાર હજાર હસ્તપ્રતો છે.




તેમાં કુરાનનું ૧૩૦૦ વર્ષ જૂનું પાનું છે. **હૂમાંયૂં, જહાંગીર** અને **શહાજહાં**ના હસ્તાક્ષરવાળા પાનાં પણ છે.

**૩) સિંધિયા પુસ્તકાલય (ઉજ્જૈન)-** આ અંગત સંગ્રહ છે કે જાહેર તે ખબર નથી પણ તેમાં પચીસસો દુર્લભ ગ્રંથો છે. તેમાં એક ગ્રંથ ગુપ્તકાલીન લિપિમાં લખાયેલો છે. આ ગ્રંથ કાશ્મીરના ગિલગિટ ક્ષેત્રમાંથી મળી આવ્યો છે. ભોજપત્ર અને તાડપત્ર પર લખેલા ગ્રંથો પણ છે.




**૪) ભરતપુરા-** અહિં **શ્રીગોપાલનારાયણ સિંહે** ચાર હજાર હસ્તપ્રતો એકઠી કરી હતી. તેમાં સાચા નીલમ અને સોનાની સ્યાહીથી લખેલી પ્રતો છે.

**૫) પ્રાચ્યવિદ્યા મંદિર (વડોદરા)-** ગુજરાતમાં શ્રીમંત **સયાજીરાવ ગાયકવાડે** સ્થાપેલી વિદ્યાપીઠમાં ૭૮૩૪ હસ્તપ્રતોનો વિશાળ સંગ્રહ છે. તે શ્રીમંતે સ્વયં લખાવેલી પણ છે અને વિવિધ ભંડારમાંથી એકત્રિત કરેલી પણ છે.



**૬) લાલભાઈ દલપતભાઈ સંસ્કૃતિ વિદ્યામંદિર (અમદાવાદ)** - આગમ પ્રભાકર મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજ સાહબે પોતાના સંગ્રહની દસ હજાર પ્રતો આ સંસ્થાને અર્પણ કરી. ત્યાર પછી ગુજરાતના ગામડાંમાંથી અનેક ભંડારોની પ્રતો ઉમેરાતી ગઈ આજે સંસ્થામાં એક લાખ જેટલી હસ્તપ્રતોનો સંગ્રહ છે.



**૭) આ.શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર (કોબા-ગુજરાત)-** પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી **પદ્મસાગરસૂરિજી** મહારાજ સાહેબે ભારતભરમાં ભ્રમણ કરી ગામડાંઓમાં ન સચવાતા હસ્તપ્રત ભંડારોનું એકત્રીકરણ કરીને એક વિશાળ જ્ઞાનભંડારનું સ્થાપન કર્યુ. તેના સંરક્ષણની ઉત્તમ વ્યવસ્થા ઉભી કરી. અહીં બે લાખ જેટલી હસ્તપ્રતો છે. તેનું સૂચિપત્ર પણ બની રહ્યું છે. અને હસ્તપ્રતોની નકલ સહેલાઈથી ઉપલબ્ધ થાય છે. ભારતનો અને કદાચ વિશ્વનો સહુથી મોટો હસ્તપ્રત સંગ્રહ છે.



**૮) ભાંડારકર રિસર્ચ ઈંસ્ટીટ્યુટ (પૂના)-** અહીં લગભગ ૨૯૫૦૦ હસ્તપ્રતોનો સંગ્રહ છે. તેમાં ૭૦૦૦ થી વધુ જૈન હસ્તપ્રતો છે.

આ સિવાય મદ્રાસ, નાગપુર, લખનૌ, સુરત (વિંચેસ્ટર સંગ્રહાલય) અજમેર, બનારસ (ભારતીય કલાભવન, બનારસ હિંદુ યુનિવર્સિટી, સંપૂર્ણાનંદ વિશ્વવિદ્યાલય, પાર્શ્વનાથ વિદ્યાપીઠ) કલકત્તા, બીકાનેર, અલવર, કોટા, પ્રયાગ, સિમલા, હૈદરાબાદ, (સાલારજંગ સંગ્રહાલય) ટોંક (કુતુબખાના-એ-સૈયદિયા) વગેરે સ્થળે સંગ્રહાલય (Museum) અથવા સંશોધન સંસ્થામાં હસ્તપ્રતો સચવાઈ છે.



રાજસ્થાનના દરેક ગામડાંઓમાં જ્યાં જૈન ઉપાશ્રય હતો ત્યાં હસ્તપ્રતો હતી. ત્યાંના યતિઓએ આ હસ્તપ્રતો સરકારી સંગ્રહાલયોને ભેટ આપી. કેટલીક અન્ય સંસ્થાઓમાં ભેટ ગઈ. કેટલીક આજે પણ અ-દુરુસ્ત અવસ્થામાં પડી છે.

વિદેશમાં નેપાળ, શ્રીલંકા, ચીન, સીરિયા, મેક્સિકો, સ્પેન, લંડન, જર્મની, અસ્ત્રાપાત (રશિયા), બુખારા વગેરે સ્થળે હસ્તપ્રત ભંડારો છે. તેમાં જૈન હસ્તપ્રતો હોવાની પણ સંભાવના છે.

મિથિલા, નવદ્વીપ, વૈશાલી, પ્રયાગ, અયોધ્યા પ્રાચીન ભારતના વિદ્યાકેંદ્રો છે. ત્યાં પણ હસ્તપ્રત ભંડારો હોવાની સંભાવના છે.

વિયન્ના વિશ્વવિદ્યાલયના પ્રૉફેસર **ડૉ. ડૉમિનિક વુજાસ્તિક** છે. તેમણે **ભારતીય હસ્તપ્રત** નામે એક લેખ લખ્યો છે. તેના સમાપનમાં તે જે જણાવે છે તેનો સાર એ છે કે-

હસ્તપ્રતો ભારતીય સાહિત્યની આધારશિલા છે. ભારતની હસ્તપ્રતો મહાસાગર જેવી છે. તેનું પુનરુત્થાન કરવું હોય, તેની ગંભીર સમજ મેળવવી હોય તો ભારતીય વિશ્વવિદ્યાલયોએ અંગ્રેજીના આકર્ષણમાંથી બહાર આવવું જોઇએ અને વિશાળ પાયા પર અને પહેલા અને બીજા સ્તરના સંશોધન સાથે ભારતીય અભિજાત ભાષાઓ (પ્રાકૃત, સંસ્કૃત, વિ.) શીખવવાનું શરુ કરવું જોઇએ. આ કામ હસ્તપ્રતો ભૌતિક રૂપે નાશ પામે તે પહેલા થશે કે કેમ તે જોવાનું છે.

જૈન સંઘોમાં વિશ્વમાં કોઇની પાસે ન હોય તેવો સહુથી મોટો હસ્તપ્રતોનો સંગ્રહ છે. પ્રચાર, પ્રસાર અને પ્રબોધનના સહેલા માર્ગોના આકર્ષણમાંથી બહાર આવીને તીર્થંકરદેવના શાશ્વત જ્ઞાનના વારસા સમી આ હસ્તપ્રતોનું જ્ઞાન ભવિષ્યની પેઢી સુધી પહોંચે તે માટે આપણે કઇ કરવું ન જોઇએ ? આ કામ હસ્તપ્રતોનો ભૌતિક નાશ થાય તે પહેલા થશે કે નહીં તે જોવાનું.

શું શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘે આ વાત પર વિચાર કરવા જેવો નથી? અસ્તુ.

## સમાચાર

તા. ૨૪/૧૧/૨૦૨૧ના દિવસે **ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્ય શ્રી દોલતસાગરસૂરિજી મ.સા.** આદિની પાવન નિશ્રામાં **શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ અને બાબાજી મહારાજ તીર્થ**, કાત્રજમાં પ્રતિષ્ઠા ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં થઈ.

**પૂજ્ય આચાર્ય શ્રી મોક્ષરતિસૂરીજી મ.સા.**ની પાવન નિશ્રામાં તા. ૦૭/૧૨/૨૦૨૧થી તા. ૧૦/૧૨/૨૦૨૧ સુધી શ્રી ડિવાઈન સોસાયટી પુણેમાં **શ્રી સુખવર્ધક કુંથુનાથ ભગવાન** આદિ જિનબિંબોની અને તા. ૧૦/૧૨/૨૦૨૧થી તા. ૧૪/૧૨/૨૦૨૧સુધી માતુશ્રી પુષ્પાબેન હસમુખરાય શાહ પરિવાર, ક્લાઉડ નાઈન સોસાયટી, પુણેમાં ગૃહજિનાલયમાં **શ્રી આદિનાથ ભગવાન** આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં થઈ.

તા. ૧૫/૧૨/૨૦૨૧ના દિવસે પુજ્ય ગુરુદેવની પાવન નિશ્રામાં આઇકોન સોસાયટી,લુલ્લાનગરમાં **શ્રી વાસુપૂજ્યસ્વામિ જિનાલય**નું ભૂમિપૂજન તથા ખનનવિધિ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયા. તા. ૩૧-૧-૨૨ના દિવસે શિલા સ્થાપન થયું.

## કાર્યવિવરણ

શાસ્ત્ર સંશોધન પ્રકલ્પ અંતર્ગત **લોકપ્રકાશ, પૃથ્વીચંદ્રચરિત્ર, પ્રવચનવિચારસાર, ઉપદેશશત સહ અવચૂરિ, લબ્ધિસ્તવ સહ અવચૂરિ, પં. શ્રી નેમકુશલજી મ.સા. કૃતિ સંપાદન, સીતા ચરિત્ર** અને **જીવવિચાર** ઢાળનું સંપાદન કાર્ય ચાલુ છે. પૂ. સા. શ્રી **મધુરહંસાશ્રીજી** મ. **આત્મશિક્ષા**નું લિપ્યંતર કરે છે. પૂ. સા. શ્રી. **ધન્યહંસાશ્રીજી** મ. **સમ્યક્ત્વ સપ્તતિકા સહ અવચૂરિ**નું લિપ્યંતર કરે છે.

વર્ધમાન **જિનરત્નકોશ** પ્રકલ્પ અંતર્ગત પૂ. આ. શ્રી **મુનિચંદ્રસૂ.** મ.સા., પૂ. આ. શ્રી **હર્ષસાગરસૂ.** મ.સા., પૂ. ઉપા. શ્રી **ભુવનચંદ્રજી** મ.સા., પૂ. મુ. શ્રી **ધર્મશેખરવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **નયબોધિવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **ધ્યાનસુંદરવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **ચંદ્રદર્શનવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **મુક્તિશ્રમણવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **ઉદયરત્નવિ.** મ.સા. તથા પૂ. આ. શ્રી **રામલાલજી** મ.સાને હસ્તપ્રતસંબંધિ માહિતી પ્રદાન કરવાનો લાભ મળ્યો.

## પ્રાચીન શ્રુતસંપદાના સમુદ્ધાર અર્થે સમુદાર સહયોગ આપનારા મહાનુભાવોની નામાવલી

- ઝેટ્સ કૉસ્મેટિક પ્રા. લિ., મુંબઈ
- સૌ. અનિતા કિરણ દર્ડા, હાઈડ પાર્ક, પુણે
- શ્રી નલિનકાંત જેવતલાલ દલાલ પરિવાર, પુણે
- શ્રી અભયજી શ્રીશ્રીમાળ (અભુષા ફાઉંડેશન), ચેન્નઈ
- શ્રી મોહનલાલજી તારાચંદજી સંઘવી, હાઈડ પાર્ક, પુણે
- શ્રી કાંતીલાલજી કેશરીમલજી સંઘવી, હાઈડ પાર્ક, પુણે
- સ્ટીલ એમ્પાયર, પુણે
- શ્રી સુધીરભાઈ એસ. કાપડિયા, મુંબઈ
- શ્રી હિરામણિ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજર મંદિર, મહર્ષિનગર, પુણે
- દીક્ષા ઉત્સવ સમિતિ, અમદાવાદ
- શ્રી ચંદ્રપ્રકાશ ફાઉંડેશન, પુણે
- શ્રી ગોડી પાર્શ્વનાથ ટેંપલ ટ્રસ્ટ, ગુરુવાર પેઠ, પુણે
- શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ, મુંબઈ
- શ્રી સુધીરભાઈ સુમતિલાલ શાહ, હાઈડ પાર્ક, પુણે
- શ્રી હરેનભાઈ હસમુખલાલ શાહ ક્લાઉડ નાઈન, પુણે
- ડૉ. રવીંદ્ર કનૈયાલાલ જૈન, હાઈડ પાર્ક, પુણે
- શ્રી જયદીપભાઈ પુખરાજજી જૈન, હાઈડ પાર્ક, પુણે
- શ્રીમતી સપના મંદાર કેસકર, હાઈડ પાર્ક, પુણે
- સંઘવી શ્રી અમૃતલાલજી ધુડાજી ભંસાલી, હાઈડ પાર્ક, પુણે
- શ્રીમતી કાંચનબેન પ્રવિણચંદ્ર જયપ્રકાશ શ્રૉફ, હાઈડ પાર્ક, પુણે
- પૂ. ઉપા. શ્રી ભુવનચંદ્રજી મ.સા.ની પ્રેરણાથી
- શ્રી પાર્શ્વચંદ્રસૂરિ ગચ્છીય સંસ્થા, બીકાનેર
- શ્રી શ્રીપાલજી મેહતા, હાઈડ પાર્ક, પુણે
- શ્રી ધીસુલાલજી માંગીલાલજી પરમાર, પુણે
- શ્રી નિરવભાઈ પ્રતાપભાઈ શાહ, મુંબઈ
- સૌ. કવિતાબેન રિતેશભાઈ કોઠારી, બિબવેવાડી, પુણે
- શ્રી સી. આર. ઓસવાલ, હાઈડ પાર્ક, પુણે
- શ્રી પંકજજી સુદર્શનજી ચોરડિયા, પુણે
- શ્રીમતી ઉર્વશીબેન શાહ, પુણે
- શ્રી કિરીટભાઈ ચિમનલાલ સંઘાણી પરિવાર, મુંબઈ

## પ્રતિભાવ

**જૈન ધર્મના શ્રુતજ્ઞાનના પ્રાચીન, ભવ્ય અને દિવ્ય વારસાને આધુનિક પરિપ્રેક્ષ્યમાં સંરક્ષિત અને સંવર્ધિત કરવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે તે અનુમોદનીય છે. મુનિશ્રી પોતાના શ્વાસ અને પ્રાણ આ કાર્યમાં રેડી રહ્યા છે, એ હકીકત રોમહર્ષક છે. તેમણે જે ટીમ તૈયાર કરી છે તે પણ કુશળ છે. શ્રુતજ્ઞાનના વારસાને હજારો વર્ષ સુધી આગળ ધપવવામાં આ સંસ્થાનું યોગદાન અદ્ભુત છે.**

**- સંજય કે. વોરા (પત્રકાર)**

## સુવાક્ય

सरस्वती तमोवृन्दं शरज्ज्योत्स्नेव निघ्नती।
नित्यं वो मङ्गलं दिश्यात् मुनिभिः पर्युपासिता॥
**- जीवाभिगमवृत्ति, श्रीमलयगिरिसूरिजी अंतिम मंगल**

**શરદ પૂનમની ચાંદનીની જેમ અંધકારનો નાશ કરનારી, મુનિઓ દ્વારા પૂજાતી સરસ્વતી દેવી અમને મંગલ આપે.**

**Printed Matter**

**Posted under clause 121 & 114 (7) of P & T Guide**

**To,**


**From : Shrutbhavan Research Centre**

**(Initiation of Shrutdeep Research Foundation)**

47/48, Achal Farm, Nr. Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo. 07744005728 Email : shrutbhavan@gmail.com Website : www.shrutbhavan.org



For Informative and Inspirational speeches about Shrut please subscribe our Shrutbhavan YouTube channel